### બાયડનો કુખ્યાત બુટલેગર

# મોયો સલાટ પોલીસ પકડથી દુર કે પછી...

મોડાસા, તા.૧૪

ગાંધીનગર રેન્જ આઈજી તરીકે હસમુખ પટેલે ચાર્જ સંભાળ્યા બાદ અરવલ્લી જીલ્લામાં દેશી - વિદેશી દારુ નો વેપાર કરતા તત્વો સામે સ્થાનીક પોલીસ પણ મને - કમને પગલાં લઈ રહી છે. બાયડના પ્રખ્યાત બુટલેગર બાપ - દિકરો પોલીસની પકડ થી દુર રહેવા માટે ફરાર થઈ ગયા છે. ત્યારે ધનસુરા પોલીસ ની આ પિતા - પુત્ર બુટલેગર માટે કુણી લાગણી અનેક પ્રશ્નાર્થ સર્જી રહયા છે.

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં વર્ષો થી દેશી - વિદેશી દારુના વેપારી (બુટલેગર) તરીકે મોયો સલાટ અને તેનો પુત્ર ધર્મેન્દ્ર સલાટ કેટલાક ખાખી વર્દી ધારીઓની મહેરબાનીઓ થી બેફામ પણે પોતાનું સામ્રાજય ફેલાવી રહયા હતા. પરંતું રેન્જ આઈજી હસમુખપટેલની આવા તત્વો સામે લાલ આંખ હોવાથી આવા બુટલેગરો થોડાક સમય થી ઠેડા પડી ગયા હતા. જો કે આ બંન્ને પિતા - પુત્ર દ્વારા ફોલ્ડરીયા રાખી ડોર ટુ ડોર સર્વિસ પદ્ધતી પ્રમાણે દારુ નો વેપાર તો કરાતો જ હતો. ત્યારે ધનસુરા પોલીસે રવિવારે ખેડા નજીક આવેલી આ બુટલેગર પિતા - પુત્રની હોટલ પર રેડ કરી - ૨- બે પેટી અંગ્રેજી દારુ ઝડપ્યો હતો જયારે આ બુટલેગર ના ફોલ્ડરને બાયડ પોલીસે દારુ ની ૩ બોટલ સાથે ઝડપી લઈ તેની સામે દારુની હેરા ફેરીનો કેસ નોધ્યો હતો. જો કે બાયડ પોલીસે ફોલ્ડરના ગોડ ફાધર એવા મોયા સલાટ અને ધર્મેન્દ્ર સલાટને પણ આરોપી તરીકે દર્શાવતા આ બંન્ને બુટલેગર ફરાર થઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ખેડા હોટલ પર ધનસુરા પોલીસે રાત્રીના સુમારે પુનઃ રેડ કરતાં હોટલની પાછળના ભાગેથી કેટલાક જુગારીયા જુગાર રમતાં ઝડપાયા હતા. પરંતું આશ્ચર્ય જનક રીતે જુગારનો કોઈપણ કેસ પોલીસ દફતરે નોંધવાની તસ્દી તોલીસે લીધી ન હોવાનુ આધારભુત સુત્રો પાસેથી જાણવા મળ્યુ હતુ. બેક તરફ બાયડ પોલીસ આવા તત્વો સામે લાલઆંખ કરી રહી છે ત્યારે ધનસુરા પોલીસનું કુણુ વલણ પોલીસ માટે શરમજનક બની રહયુ છે.

**ધનસુરા પોલીસનું કુણુ વલણ પોલીસ માટે શરમજનક બની રહયુ છે**

# અરવલ્લીનાં ગામડાઓમાં નેતાઓના પ્રવેશબંધીના બેનરો લાગ્યા

મોડાસા, તા.૧૫

પાટીદાર અનામત આંદોલન આગપુરા રાજયમાં પ્રસરી ચુક્યા બાદ રેલીઓ અને મહારેલીઓના કાર્યક્રમો પણ પુરા થઈ ચુક્યા છે. ત્યારે હવે પાટીદાર બહુમતી વસ્તી ધરાવતા ગામોમાં રાજકીય નેતાઓના પ્રવેશ પર પાબંધી ફરમાવતા બોર્ડ લગાવવાનું શરુ થતાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે અરવલ્લીના મોડાસા નજીક વણીયાદ તેમજ બાયડ તાલુકાના ચોઈલા અને જીતપુર ગામે આવા બોર્ડ લગાવી ચુંટણીનો વિરોધ નોંધાવ્યો છે.

પાટીદાર અનામત આંદોલના હવે શહેરી વિસ્તારોમાંથી ગ્રામ્ય વિસ્તારોમાં ધીમા પગલે પ્રસરી રહ્યુ છે. અને પાટીદારો અનામત મેળવવા આશ્ચર્ય જનક કાર્યક્રમો પણ કરી રહયા છે. રાજકીય પક્ષોના નેતા ઓ સામે પણ આક્રોશ ચો તરફ ફેલાઈ રહ્યો છે ત્યારે અરવલ્લી જીલ્લા ના વિવિધ ગામોમાં લાગવાનું શરુ થતાં આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ માં ઉમેદવારી નોંધાવવા થનગની રહેલા ઉમેદવારો પણ મુંઝવણમાં મુકાઈ ગયા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા નજીકના વણીયાદ ગામે મહિલાઓ , પુરુષો , અને બાળકો એ ગામમાં રેલી કાઢીને જાને કે અનામત મેળવવા જંગમાં ચઢવાની પુર્ણ તૈયારી કરી લીધી હોઈ એમ વેલણ થી થાળીઓ વગાડીને નાનકડા એવા વણીયાદ ગામને ગજવી મુક્યુ હતુ.રેલીબાદ ગામના પ્રવેશ દ્વારે પાટીદારોએ રાજકીય પક્ષોને ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધનું બેનર લગાવી દઈ નેતાઓને જાણે કે ચીમકી આપી દીધી હતી. અરવલ્લી જીલ્લા માં બાયડ તાલુકાના ચોઈલા અને જીતપુર તેમજ મોડાસા તાલુકાના ખંભીસર અને છેલ્લે વણીયાદ ગામે લગાવાયેલા આ બેનરની આગ આગામી દિવસોમાં જીલ્લાના પાટીદાર ગામોમાં પ્રસરે તેવું જણાઈ રહ્યુ છે.

**(સમીર બલોચ, મોડાસા)**

### આગામી ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર માટે પ્રવેશબંધીના બેનરો લગાવાયા



# કોલીખડ પાસે ટ્રકે બાઈકસવાર દંપતિને અડફેટે લેતા પત્નીનું મોત

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં સતત બે દિવસમાં બે બાઈકને ટ્રક-કન્ટેનર દ્વારા અડફેટે લઈ બે વ્યક્તિઓના મોત નિપજવાની ઘટના બનતા બાઈકચાલકો અને નાના વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા નજીક ધનસુરા રોડ પર મંગળવાર બપોરે કોલીખડ ગામની નજીક રાજસ્થાનથી અમદાવાદ તરફ કામકાજ અર્થે જતા હતા ત્યારે ટ્રક કન્ટેનરે બાઈકસવાર રાજસ્થાન દંપતિને ટક્કર મારતાં પત્નિનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ બાઈક ચાલક પતિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર ટ્રકકન્ટેનર ચાલકને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર મંગળવારે બપોરે કોલીખડ ગામ નજીક ટ્રક-કન્ટેનર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બાઈકસવાર રાજસ્થાનના દંપતિ પૈકી પત્નિનું ધડથી માથુ અલગ થઈ જતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. રાજસ્થાનથી અમદાવાદ જઈ રહેલા રાજસ્થાન દંપતિના બાઈક (ગાડી નં. આરજે૧૨એસએચ૪૦૭૧)ને ધનસુરા તરફથી આવી રહેલા ટ્રક-કન્ટેનરના ચાલકે પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકને ટક્કર મારતા બાઈકસવાર દંપત્તિ નીચે પટકાયું હતું. જેમાં બાઈક પર પાછળ બેઠેલી મહિલા ટ્રક કન્ટેનરના ટાયર નીચે આવી જતાં મહિલાનું ધડથી માથુ અલગ થઈ જતા કંપારી છુટી જાય તેવા દશ્યો જોવા મળ્યા હતા. મહિલાનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. અકસ્માતના પગલે દોડી આવેલા ગામ લોકોએ અને વાહનચાલકોએ બાઈકચાલક અશ્વિનભાઈ દરજી (ઉં.વ.૫૦ વર્ષ)ના શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતમાં મોત નિપજાવવાનો ગુન્હો નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)



મંગળવારે બપોરે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મહિલાના શરીરના ફૂરચે-ફૂરચા ઉડી ગયા હતા. મહિલાનું શરીર ધડથી અલગ થઈ જતાં અને માંસના લોચેલોચા માર્ગ પર વેર-વિખેર થતાં અકસ્માતના પગલે દોડી આવેલા લોકોના શરીરમાંથી કંપારી છુટી ગઈ હતી.

# પ્રાંતિજમાં જૈન તપસ્વીઓનું સન્માન અને પર્યુષણ મહાપર્વની ઉત્સાહભેર ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ ખાતે આવેલ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સકલ સંઘ દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંતર્ગત તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

જૈન સમાજના ધર્મપ્રેમી લોકો દ્વારા પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી અતિ ઉત્સાહ અને હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી રહ્યું છે. પર્યુષણ પર્વના પ્રથમ દિવસથી જ ભક્તિ ભાવમાં તરબોળ બની ગયા છે અને તા. ૧૫-૯-૨૦૧૫ને મંગળવારના રોજ લાલદરવાજા ખાતે આવેલ ઉપાશ્રય હોલમાં તપસ્વીઓને પચકાણ આપવાના કાર્યક્રમમાં નગરના શ્રેષ્ઠીઓની વિશિષ્ટ ઉપસ્થિતી રહી હતી. જૈન તેમજ જૈનેતર લોકો તપસ્વીઓને અનુમોદના અર્પણ કરવા ઉમટી પડ્યા હતા. પરમ પૂજ્ય રામસૂરી ડદેલાવાળા સમુદાયના આજ્ઞા વર્તીને પરમપૂજ્ય પુનીતધર્માજી મહારાજ સાહેબ આદીઠાણા-૩ની નિશ્રામાં તપસ્વીઓને વાસ્કેપ નાખીને મહારાજ સાહેબે આશીર્વાદ પાઠવ્યા હતાં જેમાં તપસ્વી રમેશભાઈ ડાહ્યાલાલ ભાવસારે ૪૫ દિવસની તપ આરાધના કરેલ છે જ્યારે નયનભાઈ દેસાઈ અને સોનલબેન ૧૧ ઉપવાસ કરે છે. સુખડિયા સમાજના કિંજલબે, વેદાંશી, વર્ધન, મોક્ષીલ, નેમી વગેરે અઠ્ઠાઈ તપનો આરંભ કરેલ છે. જ્યારે તમામ તપસ્વીઓને સમાજ તથા સમાજના પ્રમુખ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.







**મોડાસામાં પ્રાણનાથ ચતુર્થ શતાબ્દી મહોત્સવે પ્રાણનાથ રથનું પ્રસ્થાન**

નિજાનંદ સંપ્રદાયના મહાન પ્રવર્તક શ્રી ૧૦૮ કુલજમ સ્વરૂપ સાહેબના પ્રણેતા પૂર્ણબ્રહ્મ અક્ષરાતીત સ્વરૂપ અનંત વિભૂષીત શ્રી પ્રાણનાથ ચતુર્થ શતાબ્દી મહોત્સવ સમગ્ર પ્રણામી વિશ્વ ઉજવી રહ્યું છે. એ સંદર્ભમાં ગુજરાતના અરવલ્લી જિલ્લાના સુંદરસાથની ચતુર્થ શતાબ્દી ઉજવણી આયોજન સમીતી અને પ્રણામી સંપ્રદાયના ધર્મપ્રેમી જનતા દ્વારા 'શ્રી પ્રાણનાથ રથ'નું ટાઉનહોલ ચાર રસ્તા મોડાસાથી સવારે ૮.૩૦ કલાકે પ્રસ્થાન કરી પ્રથમ ચરણમાં માથાસુલિયા, કોલીખડ, સાકરીયા, ત્રિકમપુર ભગતના પહાડીયા અને કરેડી વગેરે ગામડાઓમાં ફરી ધર્મ પ્રચાર અને જાગણીનું કાર્ય કરશે.

(તસવીર : જય અમીન, મોડાસા)

### રીંટોડા પ્રા. શાળામાં વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાયુ

ભિલોડા, તા.૧૫

ભિલોડા તાલુકાની રીંટોડા પ્રાથમીક શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓને શાળા પરીવાર તરફથી ગુલાબ જાબું, બુંદી, સેવ, દાળ, ભાત, પુરી, શાકનું તિથી ભોજન આપવામાં આવ્યું હતું.

# ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના યુવા મહોત્સવમાં યુવાનોનો અનેરો ઉત્સાહ

પાલનપુર, તા. ૧૫

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ગજરોજથી શરૂ થયેલા ૨૭માં યુવા મહોત્સવમાં ૧૦૦ કોલેજોના ૨ હજાર વિદ્યાર્થીઓએ ૨૫ ઈવેન્ટમાં યુવાનીનો તળવરાટ, ઉત્સાહ અને સંસ્કૃતિની સાથે સાથે ગાંધીવિચારોને પણ યુવાનોએ પ્રગટ કર્યુંહતુ. યુવાનોએ બીજા દિવસે સ્કીટ, એકાંકી, શાસ્ત્રીય નૃત્ય, પ્રાદેશીક વૃંદવાદન, સમૂહગીત, ડીબેટ, કલે મોડલીંગ, ઉપરાંત નાટકોમાં પોતાનું કૌવત દાખવ્યું હતું. ખાસ કરીને આજે રજુ કરેલા એકાંકી અને નાટકોમાં ગાંધીવિચારોને અનુરૂપ થીમ પર વિવિધ રજુઆતો થઈ હતી અને આ રજુઆતોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ખાસ કરીને ગાંધીજીના વિચારોને કવિતાની પંક્તિઓ દ્વારા રજુ કરી યુવાનોએ કુલપતિને પણ આકર્ષીત કર્યા હતા. આ યુવાનોએ આજના આ જમાનામાં ગાંધીવિચારોને ઉત્તમ ઈલાજ ગણાવ્યો હતો. સમાજમાં સદભાવ, ભાઈચારો ટકી રહે તે માટે એકમાત્ર ગાંધીવિચારો જ ઉમદા ઈલાજ છે તેવું યુવા વિદ્યાર્થીઓની રજુઆત પરથી સ્પષ્ટ થયું હતું.

તો બીજી તરફ કન્વેન્શન હોલ ખાતે સેવન સિસ્ટર તરીકે જાણીતા પૂર્વોત્તરના સાત રાજ્યોની સંસ્કૃતિ અને તેની વિવિધતાઓના પોસ્ટર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને ભારત સરકાર ખુદ સેલ-૫૦ અંતર્ગત પૂર્વોત્તરના રાજ્યોના વિકાસ માટે અને દેશના અન્ય રાજ્યોના પ્રવાહો સાથે આ રાજ્યો પણ ભળે તે માટે પ્રયત્નશીલ છે ત્યારે આ પ્રદર્શન પણ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. તો ડીબેટમાં સોશીયલ મીડીયા, હકારાત્મક અને નકારાત્મક વિષય તેમજ વર્તમાન શિક્ષણ વ્યવસ્થાને વિદ્યાર્થીઓએ રજુ કરી હતી. તો આ પ્રસંગે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં પર્યાવરણ બચાવો, સ્ત્રીભ્રુણ હત્યા, સ્ત્રી સશક્તિકરણ તેમજ ભારત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સમાન સ્વચ્છ ભારત અભિયાન ઝળક્યું હતું. રંગોલી સ્પર્ધામાં તાજેતરમાં જ આવી રહેલા ગણેશ મહોત્સવની અસર જોવા મળી હતી. જેમાં લોકોને પ્લાસ્ટર ઓફ પેરીસની જગ્યાએ માટીની મૂર્તિઓનો સંદેશ અપાયો હતો. તો સ્કીટમાં પણ ગાંધી છવાયા હતા. યુનિવર્સિટીના આ કાર્યક્રમમાં કુલપતિ ડૉ. રતનલાલ ગોદારા, રજીસ્ટાર ધર્મેન્દ્ર પટેલ સહિત યુનિવર્સિટીના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.



### બામણા આટ્ર્સ એન્ડ કોલેજમાં રાષ્ટ્રભાષા દિવસ ઉજવાયો

બામણા આટ્ર્સ એન્ડ કોલેજના એન. એસ. એસ. યુનિટ અને હિન્દી વિભાગ ધ્વારા રાષ્ટ્રભાષા દિવસ ઉજવાયો હતો. આ સંદર્ભે હિન્દી ભાષામાં નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. (૧) હિન્દી સમૃધ્ધ ભાષા (૨) વર્તમાન યુગ મે સ્ત્રી સમાનતા (૩) વર્તમાન યુગ મે રાષ્ટ્રભાષા કી સ્થિતી (૪) વર્તમાન યુગમાં પર્યાવરણ કી સમસ્યાએ જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ નિબંધ લખ્યા હતા. કાર્યક્રમના આયોજનમાં પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલ, પ્રો. મહેશભાઈ પી.વર્માએ જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ખેડબ્રહ્મામાં પોલીસ પર હુમલાના સ્થળની ડી.એસ.પી. દ્વારા તપાસ

## દારૂની હેરાફેરી સહિતના ગુના અટકાવવા પીએસઆઈ ગામેતીની ખેડબ્રહ્મામાં બદલી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેરોજ પોલીસ દારૂની હેરાફેરીના ગુનામાં પકડાયેલ બુટલેગરને સારવાર માટે શનિવારે રાત્રે ખેડબ્રહ્માની સરકારી હોસ્પિટલમાં લઈને આવી હતી. દરમિયાન ૮-૧૦ જેટલા બુટલેગરોએ ઘાતક હથિયાર સાથે હુમલો કરી આરોપીને છોડાવી અને કારની લૂંટ કરી ભાગી ગયા હતા. આ અંગે સાબરકાંઠા એસ.પી. અને ઈડર ડી.વાય.એસ.પી.એ સ્થળની મુલાકાત લઈ વિગતો મેળવી હતી.

ખેરોજ પી.એસ.આઈ. એ.એલ. રબારીએ નાના બાવળ ગામ પાસેથી વિદેશી દારૂ અને કાર સાથે બુટલેગર ઈશ્વરજી શંકરજી ખાંટને પકડી પાડ્યો હતો. આ બુટલેગરની તબીયત લથડતા સારવાર માટે ખેડબ્રહ્માની સરકારી હોસ્પિટલમાં લઈ જતા હતા. આ દરમિયાન ખેરોજ પોલીસ મથકના બે કોન્સ્ટેબલ પૈકી ભાવિક પટેલનું ઘર વિજય સિનેમા પાસે આવેલું છે. ત્યાં બે વાહનમાં ઘસી આવેલા આઠથી દસ બુટલેગરોએ પોલીસ પર હથિયારો વડે હુમલો કર્યો હતો અને પોલીસ જાપ્તામાંથી બુટલેગર ઈશ્વર ખાંટને છોડાવી તેમજ કાર નં. જીજે-૨૪-કે-૧૦૪૦ની લૂંટ કરી ભાગી છુટ્યા હતા જેથી સાબરકાંઠા પોલીસની આબરૂના ધજાગરા થયા હતા. આ ઘટના સંદર્ભે આજે જિલ્લા પોલીસવડા પી.કે. મલ તથા ઈડર વિભાગીય ડીવાયએસપી તેજલ પટેલે બનાવ સ્થળની મુલાકાત લઈ ઘટનાની તાગ મેળવા પ્રયત્ન કર્યો હતો.

આ ઘટના બાદ ખેડબ્રહ્મામાં દારૂની હેરાફેરી અટકાવવા અન્ય ગુનાઓને અટકાવવા માટે ખેડબ્રહ્મા પોલીસમથકમાં પી.એસ.આઈ. એસ. એમ.ગામેતીની બદલી કરાઈ હતી અને ફરાર આરોપીઓને પકડી આ કેસની સઘન તપાસ કરવા પી.એસ.આઈ. ગામેતીને જિલ્લા પોલીસ વડાએ સૂચના આપી હતી.




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### ભૂખ હડતાલ પર બેઠેલા નાગરિકોને ધાનેરા મામલતદાર દ્વારા સહાય આપવાનું આશ્વાસન આપી પારણાં કરાવ્યા

ધાનેરા, તા. ૧૫

બનાસકાંઠાના ધાનેરા વિસ્તારમાં પૂરના કારણે ઘણા લોકો બેઘર બની ગયા છે. તંત્ર દ્વારા પૂરગ્રસ્ત લોકોને સહાય પણ ચૂકવવામાં આવી છે પણ આ સહાય સાચા પૂરગ્રસ્ત સુધી ન પહોંચતા ધાનેરા વિસ્તારના લોકો દ્વારા તેમજ ધાનેરા ધારાસભ્ય દ્વારા ધાનેરા સ્થાનિક તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ ધાનેરાનું નઘરોળ સ્થાનિક તંત્ર લોકોની વાત સાંભળવા તૈયાર જ ન હતું. ત્યારે સાચા પૂરગ્રસ્ત દ્વારા ધાનેરા મામલતદાર કચેરી ખાતે તા. ૧૧-૮-૨૦૧૫ના રોજ તેમને થયેલ અન્યાય બાબતે ભૂખ હડતાલ પર બેઠા હતા અને તેમની માંગણી હતી કે જ્યાં સુધી તેમને સહાય ચૂકવવામાં નહી આવે ત્યાં સુધી ભૂખ હડતાલ પર બેસી રહેવાની ચીમકી પણ આપી હતી. તેમ છતાં ધાનેરાના કોઈ જ અધિકારીએ આ લોકોની વાત સાંભળી ન હતી.



ત્યારબાદ ભૂખ હડતાલ પર બેસેલા લોકોની તબિયત લથડતા લોકોમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. મામલતદાર દ્વારા આ ભૂખ હડતાલ પર બેસેલા વ્યક્તિોને ૧૦ થી ૧૨ દિવસમાં સહાય ચૂકવવાનું કહી પારણાં કરાવ્યા હતા.

### બામણા આટ્ર્સ એન્ડ કોલેજમાં સપ્તધારા અંતર્ગત વિવિધ ધારાઓ યોજાઈ

ભિલોડા,તા.૧૫

બામણા આટ્ર્સ એન્ડ કોલેજમાં સપ્તધારા અંતર્ગત જ્ઞાન કવીઝ, ગીત સંગીત ધારા, સર્જનાત્મકધારા, રંગકૌશલ્યધારી, સામુદાયિકધારા, સ્પોર્ટધારા, નાટ્યધારા એમ ૭ ધારાઓ વિવિધ વિભાગો ધ્વારા યોજાઈ હતી.

મંત્રી જગદીશભાઈ જોષી, પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલ, સપ્તધારાના કો-ઓર્ડનેટર ડૉ. ભીખાભાઈ પટેલ,સ્ટાફ પરીવાર તેમજ વિદ્યાર્થી મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.